# ROYAL SECONDARY & GIRLS SCHOOL -DHORAJI

**Std :- 10th** **Round 02** **Dt. 15-01-2025**

**Time :- 3:15 hours** **Sub : GUJARATI** **Marks :- 80**

## વિભાગ A

( અ ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : **4**

| પાત્ર | કૃતિ |
|---|---|
| **1.** ફોરમ | (અ) જન્મોત્સવ |
| **2.** ગોવિંદ | (બ) ભૂલી ગયા પછી |
| **3.** આંબા પટેલ | ( ક ) ચોપડાની ઈન્દ્રજાળ |
| **4.** માણેક | ( ડ ) ઘોડીની સ્વામીભક્તિ |
| | ( ઇ ) રેસનો ઘોડો |

( બ ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : **4**

**5.** નરેને ......... તાલીમ મેળવી હતી.

*(ઘોડેસવારીની, વનસંરક્ષણની, પોલીસની)*

**6.** "આપણી બબલીની જ પગલી જાણે !" આ વાક્ય ......... બોલે છે.

*(સ્ટેશન માસ્તર, ડુંગર, ડુંગરની પત્ની)*

**7.** .........ના કારણે સાગનાં ઝાડ શણગારેલાં લાગે છે.

*(લાઈટ, આગિયા, બીજાં વૃક્ષો)*

**8.** મનુષ્યદેહ .........ના જેવો છે. *(છાશ, દૂધ, ઘી)*

( ક ) નીચે આપેલા પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો : **2**

**9.** આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી?

**10.** અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં?

( ડ ) નીચે આપેલા પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે *બે*) **4**

**11.** લેખકે છત્રી ખોવાઈ ન જાય એ માટે શી સલાહ અમલમાં મૂકી?

**12.** ડુંગરે તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં શું કહ્યું?

**13.** લેખક કોને ક્રૂર કટાક્ષ ગણાવે છે? કેમ?

( ઇ ) નીચે આપેલા પ્રશ્નોના *દસ-બાર* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે *બે*) **6**

**14.** "આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે." આ વિધાન વિગતે સમજાવો.

**15.** માનવ અને પ્રાણીની પરસ્પર પ્રીત 'ઘોડીની સ્વામીભક્તિ' પાઠને આધારે વર્ણવો.

**16.** 'ચોપડાની ઈન્દ્રજાળ' પાઠમાં રાતો ચોપડો ફાડી નાખવા પાછળ ભીખલાનું મનોમંથન કેવું હતું?

## વિભાગ B

( અ ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : **4**

| પદ્યકૃતિ | કર્તા |
|---|---|
| **17.** વૈષ્ણવજન | (અ) રાવજી પટેલ |
| **18.** શીલવંત સાધુને | (બ) હરીન્દ્ર દવે |
| **19.** માધવને દીઠો છે ક્યાંય? | ( ક ) નરસિંહ મહેતા |
| **20.** એક બપોરે | ( ડ ) ગંગાસતી |
| | ( ઇ ) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ |

( બ ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : **4**

**21.** મોરલીના આભમાં શ્યામના નામનો ......... ઊગે છે. *(સૂર્ય, તારલિયો, મયંક)*

**22.** ગંગાસતી ......... સાધુને વારંવાર નમવાનું કહે છે.

*(ગુણવંત, ધીમંત, શીલવંત)*

**23.** ગરીબ સ્ત્રીની ચૂંદડી એના ......... સુધી સાથે રહે છે. *(કફન, લગ્ન, પિયર)*

**24.** 'હાઈકુ'માં ......... અક્ષર હોય છે.

*(ત્રણ, સત્તર, એકવીસ)*

(ક) નીચે આપેલા પ્રશ્નોના *એક* વાક્યમાં ઉત્તર લખો : 2

25. કાવ્યનાયક માને શું બાંધી દેવા કહે છે?

26. 'ચાંદલિયો' લોકગીતમાં 'ચાંપલિયાની પાંદડી' કોને કહી છે?

(ડ) નીચે આપેલા પ્રશ્નોના *ત્રણ-ચાર* વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે *બે*) 4

27. 'ઊછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી' એમ કવિ શા માટે કહે છે?

28. 'હું સાવજની ત્રાડ' એટલે શું?

29. કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

(ઇ) નીચે આપેલા પ્રશ્નોના *દસ-બાર* વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે *બે*) 6

30. વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

31. 'શિકારીને' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

32. 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં ગનીની મનઃસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ C

**માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**

- કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :

33. નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો : 1
(1) આર્શિવાદ (આશીરવાદ, આશીર્વાદ, આસીર્વાદ)
(2) જીજ્ઞાસા (જીજ્ઞાષા, જીજ્ઞાશા, જિજ્ઞાસા)

34. 'હિમ + આચ્છાદિત' શબ્દની સાચી સંધિ જોડો. 1
(હિમાચ્છાદિત, હિમચ્છાદિત, હીમાચ્છાદીત)

35. 'ઋણમુક્ત' શબ્દનો સમાસ ઓળખાવો. 1
(મધ્યમપદલોપી, કર્મધારય, તત્પુરુષ)

36. નીચે આપેલ બંને શબ્દના જોડણીભેદે થતા અર્થભેદ જણાવો : 1
(1) અલિ (ભમરો, કમળ, મધ)
(2) અલી (સ્ત્રી, સખી, મૂર્ખ)

37. 'કાળુને તો પોતાના પેલા વિચાર જાણે બાલિશ લાગવા માંડ્યા.' વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. 1
(અનન્વય અલંકાર, રૂપક અલંકાર, ઉત્પ્રેક્ષા અલંકાર)

38. 'ઉત્કંઠા' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે, તે જણાવો. 1
(પૂર્વ-પ્રત્યય, પર-પ્રત્યય, એક પણ પ્રત્યય નહિ)

39. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો : 1
(1) મઝરો (સ્પષ્ટ, ઝાંખો, આરપાર)
(2) દૃષ્ટિ (આંખ, નેત્ર, નજર)

40. 'દાળચોખા' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર શોધીને લખો. 1
(સમૂહવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)

- નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો :

41. નીચેના રૂઢિપ્રયોગનો અર્થ જણાવો : 1
કંઠે પ્રાણ આવવા

42. નીચે આપેલ કહેવતનો અર્થ લખો : 1
નહિ ઘરના કે નહિ ઘાટના

43. નીચેના શબ્દસમૂહ માટે *એક* શબ્દ લખો : 1
એકસાથે સો વસ્તુઓ યાદ રાખવાની શક્તિ

44. નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો : 1
ધરા

45. નીચેના વાક્યને કર્તરિમાં ફેરવો : 1
મારાથી પેપર લખાય છે.

46. નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો : 1
ચડવ

47. નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : 1
રાત્રે સપ્તર્ષિ તારાઓ જોવા મળે છે.

48. નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : 1
ગાડી ધીમે ધીમે ચાલે છે.

49. 'ગુજરાતી' શબ્દના ધ્વનિઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડો. 1

50. નીચેના વાક્યનું પ્રેરકવાક્યમાં રૂપાંતર કરો : 1
મયૂર પૂજા કરે છે.

51. નીચેની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો : 1
વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

52. 'મંદાક્રાન્તા' છંદના અક્ષર અને બંધારણ જણાવો. 1

**53.** નીચે આપેલી પંક્તિઓનો આશરે *પંદર* વાક્યોમાં અર્થવિસ્તાર કરો : **4**

પરસેવાને પ્રબળ રસાયણ થઈ સઘળે રેલાવું પડશે,
ભલે ભાગ્યરેખા વજ્જર સમ, તેણે પણ ભૂંસાવું પડશે.

**અથવા**

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે;
મત્સ્ય ભોગી બગલો મુક્તાફળ દેખી ચંચૂ ના ભરે !

**54.** તમારી શાળામાં યોજાયેલા 'રમતોત્સવ'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. **4**

**55.** નીચે આપેલા ગદ્યખંડનો આશરે *ત્રીજા* ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : **4**

"સોનું એ શી ચીજ છે? એ કંઈ અનાજ નથી કે ખાઈને પેટ ભરાય; એ કંઈ ફૂલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય; એ કંઈ ફળ નથી કે એના રસથી ધરાઈએ; એ કંઈ ઊન કે રેશમ નથી કે એનાં કપડાં બનાવી શરીરનું રક્ષણ કરીએ; એ કાંઈ લાકડું કે લોઢું નથી કે એમાંથી નિત્ય વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરી લઈએ. અરે ! એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુઃખ ભૂલી જઈએ. એ ઝેર પણ નથી કે જેને ખાઈને એક ભવમાંથી તો મુક્ત થઈ જઈએ છતાં એ ઝેર નથી એમ કેમ કહેવાય? માણસના વ્યવહારમાં દાખલ થઈ એ પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને આદર નષ્ટ કરે છે. માણસની ધર્મબુદ્ધિનો એ નાશ કરે છે. પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એક ક્ષણમાં એ તોડે છે અને એ 'નશાની ચીજ નથી.' એમ પણ કહેવાય? એનો નશો તો માણસનું આખું જીવન બગાડી દે છે. મોટાં મોટાં રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક તેમજ અન્યાયમૂલક પ્રવૃત્તિમાં ઉતારે છે. સોનું એ મોટામાં મોટો અનર્થ છે." *– કાકાસાહેબ કાલેલકર*

**56.** ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે **250** શબ્દોમાં નિબંધ લખો : **8**

પુરુષાર્થ એ જ પ્રારબ્ધ

**મુદ્દા :** *પ્રસ્તાવના – પરિશ્રમનો મહિમા – પરિશ્રમના ફાયદા – પરિશ્રમનું ફળ – ઉપસંહાર*

**અથવા**

કન્યાવિદાય : એક કરુણ-મંગલ પ્રસંગ

**મુદ્દા :** *પ્રસ્તાવના – કન્યાનો મહિમા – લગ્નની વૈદિક પ્રથા – પિતાની વહાલી દીકરી – કન્યાની મનોદશા – સ્વજનોની દ્વિધાજનક હાલત – મંગલ છતાં કરુણ પ્રસંગ – ઉપસંહાર*

**અથવા**

મિત્રતાની મીઠાશ

**મુદ્દા :** *પ્રસ્તાવના – મૈત્રીનો મહિમા – મિત્રની મહત્તા – સાચા મિત્રોથી થતા લાભ – આદર્શ મૈત્રીનાં પ્રાચીન ઉદાહરણો – સુખદુઃખનો સાથી – ઉપસંહાર*